# શહેરના બે વેપારીઓ સાથે કરોડો રૂપીયાની છેતરપિંડી

## તુનવાલ ઈ-વ્હીકલ પ્રા. લિ. ભાગીદાર બનાવી ઝુમરમલ તુનવાલે કરોડો રૂપીયા પડાવ્યા, ભાગીદારોની જાણ બહાર કંપની પુના ખાતે ખસેડી લીધી, છેતરપિંડી-વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના બે મોટા વેપારીઓ સાથે રૂ.૩.૫૦ કરોડની છેતરપિંડી થવા પામી છે. સેકટર-૨૬ સ્થિત તુનવાલ ઈ-વ્હીકલ પ્રા.લિ.માં ભાગીદાર બનાવી કરોડો રૂપીયા ઝુમરમલ પન્નારામ તુનવાલ ચાઉં કરી ગયા છે. તુનવાલ ઈ-વ્હીકલ કંપનીના શેર રૂપીયા લઈ કંપનીમાં ભાગીદાર બનાવી બે વેપારીને ડિરેકટર બનાવ્યા હતા. ત્યારબાદ ઝુમરમલ તુનવાલે બે ડિરેકટરોની જાણ બહાર આખી કંપની પુના ખાતે ખસેડીને બે વેપારીને કંપનીના ડિરેકટર પદેથી પણ રિમુવ કરી દીધા હતા. આખરે આ સમગ્ર મુદ્દે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ સીઆઈડી ક્રાઈમમાં નોંધાતા પોલીસે આગળની તપાસ તેજ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરની સેકટર-૨૬ ન્યું ગ્રીનસીટી ખાતેરહેતા જગદીશભાઈ મુલચંદભાઈ પટેલ સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં રીજેટ કંટ્રોલ સિસ્ટમ આઈ પ્રા.લી. કંપની ધરાવે છે. વર્ષ ૨૦૧૫ થી તેઓ તુનવાલ ઈલેકટ્રોનિકસમાંથી માલની ખરીદી કરતા હતા. જેથી તેઓ તેના માલિક ઝુમરમલ પન્નારામ તુનવાલ (રહે. ૬૨ શિવાલીક હોમ્સ રાંધેજા), ને ઓળખતા હતા. જગદીશભાઈએ જીઆઈડીસીમાં આવેલી પોતાની જગ્યા ૯૬ હજારના ભાડે આપી હતી. આ જગ્યામાં ઝુમરમલ ઈલેક્ટ્રીક વાહનો બનાવતા હતા. જુલાઈ વર્ષ ૨૦૧૭ માં જગદીશભાઈને ઈલેકટ્રીક વાહનના વેપારમાં રોકાણ કરવાની વાત કરી હતી. જેથી જગદીશભાઈ અને તેમના મિત્ર પ્રવિણભાઈ ચૌધરીએ આ અંગે ઝુમરમલ સાથે બેઠક યોજી હતી. જેમાં ઝુમરમલે જે તે સમયે બે કરોડ અને ત્રણ થી છ માસમાં બીજા એક કરોડ ની વાત કરી હતી. તેની સામે ઝુમરમલે તુનવાલ ઈ-વ્હીકલ પ્રા.લિ.ના ૨૫ ટકા ભાગીદારની વાત કરી હતી. તે સમયે બંનેએ રૂ.૮૯ લાખ આપી દીધા હતા અને બીજા બાકીના રૂપીયા પણ તબક્કાવાર નિયત સમયમાં આપી દીધા હતા. જેથી બંને ભાગીદારને કંપનીમાં ડિરેકટર તરીકે નિમણુંક અપાઈ હતી. જેથી બંનેને ૮-૮ ટકા જ શેરની ફાળવણી કરાઈ હતી. ત્યારબાદ જાન્યુઆરીમાં ૨૦૧૮માં ઝુમરમલે ૪૦ ટકા શેરના હિસ્સાની વાતકરીને બંને વેપારી પાસેથી ૧.૧૧ કરોડ શેર કેપીટલ પેટે ભરાવ્યા હતા. જયારે કંપનીની આર્થિક સ્થિતિ સામે ન આવે તે માટે ઝુમરમલે તટસ્થ ઓડીટ ન કરીને પોતાના માણસ પાસે ઓડીટ કરાવ્યું હતું. ત્યારબાદ કંપનીની વિગતો પોતાના સિવાય કોઈને ન આપવાનું કહીને કંપનીનું મુડી રોકાણ ડાયવર્ટ કરવાનું શરુ કર્યુ હતું. માર્ચ-૨૦૧૯ માં કંપનીમાં આગનો બનાવ બન્યો હતો. ત્યારબાદ કંપનીનું બધુ જ રો મટીરીયલ્સ પુના ખાતે મોકલી આપ્યું હતું. ઝુમરમલે ફેબુઆરી ૨૦૧૯માં પુના ખાતે જગ્યા ભાડે રાખી હતી. ત્યારે આગના બનાવના ઓથા હેઠળ તેને આખી કંપની અને ફંડમાં છેતરપિંડી કરી હોવાના આક્ષેપ લગાવાયો છે. જગદીશભાઈ અને પ્રવિણભાઈએ હિસાબો અને તેમજ શેરની માંગણી કરતા તેણે ૬ માસમાં ૧૮ ટકાના વ્યાજ સાથે રૂપીયા પરત આપવાનો ઈમેલ કર્યો છે. જો કે તેણે પૈસા તો આપ્યા ન હતા. પરંતુ બંન્નેને કંપનીના ડિરેકટર પદથી રિમુવ કરી દીધા હતા. જેથી જગદીશભાઈએ છેતરાયા હોવાનો એહસાસ થતા ઝુમરમલ તુનવાલ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- આજે સિવિલમાં કોરોના વેકસીનેશનના બીજા તબક્કામાં એક તબક્કે સોશ્યલ ડિસ્ટન્સીંગનો ભંગ થતાં જિલ્લા કલેકટરે તંત્રનું ધ્યાન દોર્યુ હતુ.
- જિલ્લામાં આજે એક સાથે બે રસીકરણના કાર્યક્રમો પલ્સ પોલિયો અને કોરોના હોવાથી આરોગ્ય તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ઠંડી વધતાં જ લોકોએ આજે ઘરમાં જ રહેવાનુ વધુ પસંદ કર્યુ હતુ.
- રાજ્યના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે આજે ગાંધીનગર સિવિલની મુલાકાતે આવ્યા હતા તેમણે કોરોના વેકસીનેશનની કામગીરીનું સુપરવિઝન પણ કર્યુ હતુ અને પત્રકારો વાત પણ કરી હતી.
- ખાવાના તેલના ભાવોમાં વધારો થતાં મધ્યમ વર્ગનું બજેટ પુનઃ એકવાર ખોરવાઈ જવા પામ્યુ છે.
- માણસા તાલુકામાં તમાકુના પાનમાં કુકડીયો રોગ દેખાતા યુનિ.ના વૈજ્ઞાનિકોની ટીમે મુલાકાત લઈ ખેડૂતોને માર્ગદર્શન આપ્યુ હતુ.
- ગાંધીનગરમાં ઠંડી ઉડાડવા દાળવડા અને ચાની લારીઓ પર આજે સારી ઘરાકી જોવા મળી હતી.

## બેટી બચાવો..!!! પાટનગરમાં જ મહિલા જન્મદર માત્ર ૮૭૩ નોંધાયો..!!

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં હજુ પણ ''બેટી બચાવો-બેટી વધાવો'' અભિયાનની કોઈ અસર થઈ હોય તેવું જણાતુ નથી કેમકે શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન સેવાના સંદર્ભમાં જાહેર કરવામાં આવેલા આરોગ્ય શાખાના જિલ્લા રજીસ્ટ્રારના આંકડા મુજબ શહેરમાં મહિલા જન્મદર વર્ષ-૨૦૨૦ માટે માત્ર ૮૭૩ નોંધાયો છે. જો કે ૨૦૨૦માં માતાની પ્રસુતિ સમયે એક પણ બાળકનું મૃત્યુ થયું હોવાનું નોંધાયુ નથી. વર્ષ-૨૦૨૦માં શહેરમાં કુલ કુલ જન્મેલા ૮૨૬૦ બાળકો પૈકી પુરષ બાળકોની સંખ્યા ૪૪૦૯ અને મહિલા બાળકોની સંખ્યા ૩૮૫૧ નોંધાઈ છે. વર્ષ-૨૦૨૦માં શહેર વસાહત મહામંડળ દ્વારા આશરે ૨ હજારથી વધુ દિવંગતોના અસ્થિનું હરિદ્વારના હરકી પૌડી ઘાટ ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

**વર્ષ-૨૦૨૦માં જન્મેલા ૮૨૬૦ બાળકોમાં પુરૂષ બાળકોની સંખ્યા ૪૪૦૯ અને મહિલા બાળકોની સંખ્યા ૩૮૫૧ : જો કે પ્રસુતિ દરમ્યાન એક પણ બાળમરણ નોંધાયું નથી : શહેર વસાહત મહામંડળે વર્ષ-૨૦૨૦માં બે હજારથી વધુ દિવંગતોના અસ્થિ વિસર્જનની સેવા આપી**

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધીમાં ૪૦,૭૦૦ મૃતાત્માઓના અસ્થિને હરિદ્વાર ખાતે ગંગાજીમાં વિસર્જન કરવાની પ્રસંશનીય સેવાઓ પુરી પાડવામાં આવી ચુકી છે. વર્ષ-૨૦૨૦માં કોરોનાકાળ ચરમસીમાએ હોવા છતાં વસાહત મહામંડળ દ્વારા બે હજારથી વધુ અસ્થિ વિસર્જન કરીને તેની કટિબદ્ધતા પ્રદર્શિત કરી છે આ સેવા માટે સંસ્થાના મૂકસેવકો શશિકાંત મોઢા, મુકેશ શુકલ, ઉલ્લાસ વોરા અને તુષારભાઈ ધનેશ્વર સહિતનો સમાવેશ થાય છે. આ સેવામાં શહેરના સે. ૩૦ મુક્તિધામ ઉપરાંત સરગાસણ ખાતેના જુસિકા સંચાલિત રૂદ્રભૂમિ અંતિમધામ અને દહેગામના અંતિમધામનો પણ સમાવેશ થાય છે.

અસ્થિ વિસર્જન સેવાના આંકડા જાહેર કરવા સાથે વસાહત મહામંડળ દ્વારા આપવામાં આવેલી આરોગ્ય શાખાના જિલ્લા રજીસ્ટ્રારની જન્મ-મૃત્યુની નોંધણીની વિગતો અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષ-૨૦૨૦માં કુલ ૮૨૬૦ બાળકોના જન્મ થયાં જે પૈકી ૪૪૦૯ પુરૂષ બાળકો અને ૩૮૫૧ મહિલા બાળકો હતા. આ સાથે વર્ષ-૨૦૨૦માં કુલ મૃત્યુ ૩૩૩૩ નોંધાયા છે જેમાં પુરૂષોની સંખ્યા ૨૦૬૮ અને મહિલાઓની સંખ્યા ૧૨૬૫ નોંધાઈ છે. આંકડા અનુસાર જોઈએ તો ૨૦૨૦માં શહેરમાં જેટલાં બાળકોનો જન્મ થયો તેમાં ૫૩ ટકા બાળકો પુરૂષ અને ૪૭ ટકા બાળકો મહિલા છે. દર એક હજાર પુરૂષ જન્મની સરખામણીએ મહિલા જન્મને સરખાવીએ તો ૨૦૨૦માં દર એક હજાર પુરૂષે માત્ર ૮૭૩ મહિલાઓનો જન્મ થયો છે જે અત્યંત ચિંતાજનક રેશિયો કહી શકાય. આનો સીધો મતલબ એ છે કે રાજ્ય સરકારની પુરૂષ-મહિલા સમાનતા કેળવવા માટેની કવાયતો અને 'બેટી બચાવો-બેટી વધાવો' જેવા અભિયાનોની રાજ્યના શિક્ષિત પાટનગરમાં જ કોઈ અસર દેખાતી નથી અને તે માત્ર સરકારી જાહેરાતોમાં પોકારાતી ગુલબાંગો જ સાબિત થઈ રહી છે. જો કે શહેરમાં મહિલા બાળક સહિત એક પણ બાળકનું જન્મ સમયે મૃત્યુ થયુ હોવાનું નોંધાયુ નથી તે તબીબી ક્ષેત્રે મહિલાઓની સ્થિતિ વધુ આરોગ્યપ્રદ બની હોવાનું દર્શાવે છે. વળી, મૃત્યુના પ્રમાણમાં પણ મહિલા મૃત્યુની સંખ્યા ઓછી રહેવા પામી છે અને ૨૦૨૦માં શહેરમાં દર એક હજાર પુરૂષના મૃત્યુ સામે મહિલાઓના માત્ર ૬૧૨ મૃત્યુ નોંધાયા છે. વર્ષ-૨૦૨૦માં નવેમ્બર માસમાં સૌથી વધુ ૧૦૦૭ બાળકોનો જન્મ થયો હતો જ્યારે મે માસમાં સૌથી ઓછા ૪૧૧ બાળકો જન્મ્યા હતા. મૃત્યુની વાત કરીએ તો વર્ષ-૨૦૨૦માં કુલ નોંધાયેલા ૩૩૩૩ મૃત્યુમાં ૨૦૬૮ પુરૂષો અને ૧૨૬૫ મહિલાઓના મૃત્યુ નોંધાયા છે જેમાં ડિસેમ્બર માસમાં સૌથી વધુ મૃત્યુઆંક ૬૦૦ અને માર્ચ માસમાં સૌથી ઓછા મૃત્યુ માત્ર ૯૮ જ નોંધાયા હતા.




મહાત્મા ગાંધી નિર્વાણ દિવસ નિમિત્તે ગાંધીનગરથી કંકાપૂરા ગાંધી આશ્રમ ખાતે ગાંધીનગર રાઈડર્સ ક્લબના બાઈક રાઈડર્સ આશરે ૧૬૦ કિ.મી. નું અંતર કાપીને ગાંધીજીના સ્મરણમાં શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

## ''તું અહી કેમ આવ્યો છે, આ સિક્યુરીટી અહીંથી ઉઠાવી લે'' કહીને યુવક પર તલવાર વડે હુમલો


ગાંધીનગર, તા.૩૧

ભાટ ઈન્દીરા બ્રિજ પાસે સિક્યુરીટીના કર્મચારીઓને રૂપીયા આપવા માટે ગયેલા યુવક સાથે ''તુ અહી કેમ આવ્યો છે, આ સિક્યુરીટી અહીંથી ઉઠાવી લે'' કહીને ચાર શખ્સોએ માથાકુટ કરી હતી. અન્ય કંપનીમાં સિક્યુરીટીનું કામ કરતા ચાર શખ્સોએ તલવાર વડે હુમલો કરતા યુવકને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે સચિન શર્માની ફરીયાદ લઈ અડાલજ પોલીસે ચાર શખ્સોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું રાણીપ અનમોલ બંગ્લોઝ ખાતે રહેતા સચિન વિદ્યારામ શર્મા (ઉ.૩૯) એ જમીન લે વેચનું કામ કરે છે. જયારે તેના પિતા સિકયુરીટી કંપનીમાં ફીલ્ડ ઓફિસર છે. ગત તા.૧૪ જાન્યુઆરીના રોજ બપોરના સુમારે યુવક અને તેનો મિત્ર ભાટ ઈન્દીરાબ્રિજના પાસે સિક્યુરીટીના કર્મચારીઓને રૂપીયા આપવા માટે ગયા હતા. યુવક પૈસા આપી પરત ફરી રહ્યો હતો તે સમયે અચાનક એક કારમાં અનુપસિંહ રાજપુત, પ્રમોદ રાજપુત, પંકજ ગોહિલ અને સત્યમ ઓઝા આવ્યા હતા. આ ચારેય શખ્સો અન્ય સિક્યુરીટી કંપનીમાં ફરજ બજાવે છે. શખ્સોએ યુવકને તું અહી કેમ આવેલ છે, આ સિક્યુરીટી અહીંથી ઉઠાવી લે. કહીને માથાકુટ કરી હતી. ત્યારબાદ અનુપસિંહે ગાડીમાંથી તલવાર કાઢીને યુવકને માથાના ભાગે ઉંધી મારી હતી. જયારે બાકીના ત્રણ શખ્સોએ મુઢમાર માર્યો હતો.જયારે મારામારીમાં વચ્ચે પડેલા યુવકના મિત્રને પણ તલવારનો હાથો પગમાં અનુપસિંહે માર્યો હતો. આ સમયે ઉપસ્થિત સિક્યુરીટી ગાર્ડે ૧૦૦ નંબરને કોલ કરતા પોલીસ આવી જતા આરોપીઓ ભાગી ગયા હતા. યુવકને ઉંધી તલવાર વાગતા માથામાંથી લોહી નીકળતા સારવાર માટે ગાંધીનગર સિવિલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર બાદ સ્વસ્થ થતા યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



થોડીવાર શાંતિથી બેસો ડોક્ટર સાહેબ વેક્સીન મુકાવવા ગયા છે...

## સેક્ટર-૨૨ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે યોગ શિબિરનો પ્રારંભ

ગુજરાત રાજ્ય યોગા બોર્ડ દ્વારા ૩૦/૩૧ જાન્યુઆરી સેક્ટર-૨૨ સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે યોજાયેલ યોગ કોચ શિબિરમાં અનુભવી યોગ કોચ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.




# ગુજરાતના ચીફ સેક્રેટરીની સુપ્રીમ પોસ્ટ માટે ત્રણ દાવેદાર, મોદીના 'માનિતા' નિયુક્ત થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં બજેટસત્ર પૂર્વે સરકારને નવા ચીફ સેક્રેટરી મળશે, કારણ કે હાલના ચીફ સેક્રેટરી અનિલ મુકિમ ઓગષ્ટ ૨૦૨૦માં વયનિવૃત્ત થયા પછી તેમને છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવેલું છે જે ફેબ્રુઆરી ૨૦૨૧માં પૂર્ણ થાય છે. આ પદ માટે કુલ ત્રણ દાવેદારો છે જે પૈકી એક ઓફિસર દિલ્હી ડેપ્યુટેશન પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજીકના ઓફિસર આ સુપ્રીમ પોસ્ટ ઉપર નિયુક્ત થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૯૮૬ બેચના ઓફિસર ડો. ગુરૂપ્રસાદ મહાપાત્ર કે જેઓ હાલ ભારત સરકારમાં ફરજ બજાવે છે તેમની પસંદગી થાય તેવી સંભાવના વધારે જોવામાં આવી રહી છે. તેઓ એપ્રિલ ૨૦૨૨માં વયનિવૃત્ત થાય છે. બાકીના બે નામ ચર્ચાઈ રહ્યાં છે તેવા એડિશનલ ચીફ સેક્રેટરી કે જેઓ ૧૯૮૬ બેચના આઈએએસ ઓફિસર છે. આ ઓફિસરોમાં રેવન્યુ અને હોમ ડિપાર્ટમેન્ટ સંભાળતાં પંકજકુમાર તેમજ વન અને પર્યાવરણ વિભાગ સંભાળતા ડો. રાજીવકુમાર ગુપ્તાનો સમાવેશ થાય છે. આ બન્ને ઓફિસરો એકસાથે મે ૨૦૨૨માં વયનિવૃત્ત થવાના છે. આ ત્રણેય ઓફિસરો પૈકી ડો. ગુરૂપ્રસાદ મહાપાત્ર સિનિયોરિટી પ્રમાણે સૌથી આગળ છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડબુકમાં રહેલા છે. જો તેમની પસંદગી થશે તો તેઓ બીજા ઓફિસર હશે કે જેઓ સતત દિલ્હી ડેપ્યુટેશન પરથી ગુજરાતની આ પોસ્ટ પર ફરજ બજાવશે.

## કેન્દ્રમાં કેબિનેટ સેક્રેટરીની પોસ્ટ પર હજી ગુજરાતી કેડરના ઓફિસરને સ્થાન મળ્યું નથી

**● કેબિનેટ સેક્રેટરીની પોસ્ટ પર ગુજરાતી કેડર નહીં...**

ભારતના વિકાસમાં ગુજરાતનો મોટો ફાળો રહ્યો હોવા છતાં ૧૯૫૦ થી અત્યાર સુધીમાં આવી ચૂકેલા ૩૨ જેટલા કેબિનેટ સેક્રેટરી પૈકી ગુજરાત કેડરના એક પણ આઈએએસ અધિકારીને તક મળી નથી. રાજ્યના ૩૫થી વધુ ઓફિસરો કેન્દ્ર સરકારમાં ફરજ બજાવે છે છતાં છેલ્લા સાત વર્ષથી આ સુપ્રીમ પોસ્ટ બીજા રાજ્યની કેડરના ઓફિસર પાસે ગઈ છે. કેબિનેટ સેક્રેટરીની સિનિયર પોસ્ટ માટે આખા દેશના આઈએએસ ઓફિસરો ભલામણ કરતા હોય છે પરંતુ આ પોસ્ટ માટે લાયક ઉમેદવાર હોવા છતાં ગુજરાત કેડરને ન્યાય મળ્યો નથી. ૨૦૧૦ પછી કેબિનેટ સેક્રેટરીનો પોસ્ટ પ્રાઈમ મિનિસ્ટરના અંડરમાં આવે છે. આ પોસ્ટ પર અધિકારીની ટર્મ વધુમાં વધુ ચાર વર્ષની હોય છે. વાઈસરોયની કાર્યકારી પરિષદમાં એક સચિવાલય હતું જેની અધ્યક્ષતા વાઈસરોયના પ્રાઈવેટ સેક્રેટરી કરતા હતા. તેઓ સચિવાલયના સચિવ તરીકે પણ ઓળખાય છે. આ પદ સમય જતાં સૌથી વધુ શક્તિશાળી બનતું ગયું છે, કેમ કે તેમાં સચિવાલયના તમામ વિભાગોની મુખ્ય ભૂમિકા હોય છે. ૧૯૪૬માં સચિવાલય કેબિનેટ સચિવાલય બની ગયું અને સચિવ કેબિનેટ સચિવ બની ગયા હતા. ૧૯૪૭માં આઝાદી પછી સચિવાલયના કાર્યમાં મોટો બદલાવ આવ્યો હતો. કેન્દ્રમાં ગુજરાતી નેતા નરેન્દ્ર મોદી વડાપ્રધાન છે અને બીજા નેતા અમિત શાહ ગૃહમંત્રી છે છતાં આ પોસ્ટ પર ગુજરાતી કેડર નહીં હોવાનું આશ્ચર્ય થાય છે.

**● સર્વોચ્ચ પદે ૪ વર્ષ સુધી માત્ર ૨ ઓફિસરો રહ્યાં છે...**

કેબિનેટ સેક્રેટરીએ કેન્દ્રના તમામ વિભાગોના હેડ હોય છે. તેઓ સિવિલ સેવા બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરે છે. એ ઉપરાંત તેમની પાસે વિશાળ સત્તા હોય છે. વિદેશ મંત્રાલયને બાદ કરતાં વિભાગોના સચિવ, અધિક સચિવ અને સંયુક્ત સચિવ જેવા પદોમાં પોસ્ટીંગ માટે તે ભલામણો કરતા હોય છે. કેબિનેટનો એજન્ડા તૈયાર કરવા ઉપરાંત તેઓ વડાપ્રધાનના વરિષ્ઠ સલાહકાર તરીકેનું કાર્ય પણ કરે છે. કેબિનેટ સેક્રેટરીનો પ્રતિમાસ સેલેરી ૨.૫૦ લાખ કરતાં વધુ હોય છે. કેન્દ્રમાં ૧૯૫૦થી કેબિનેટ સેક્રેટરીની પોસ્ટ પર નિયુક્તિ થાય છે. દેશના પહેલાં કેબિનેટ સેક્રેટરી એનઆર પિલ્લાઈ હતા. તેમની નિયુક્તિ ૬ ફેબ્રુઆરી ૧૯૫૦માં થઈ હતી અને તેઓ ૧૩મી મે ૧૯૫૩ સુધી કાર્યરત હતા. ચાર વર્ષ સુધી કામ કર્યુ છે તેવા અધિકારીઓમાં બીડી પાંડે (પશ્ચિમ બંગાળ) અને પીકે સિંહા (ઉત્તરપ્રદેશ) છે. બાકીના કેબિનેટ સેક્રેટરીનો પિરીયડ ચાર વર્ષ કરતાં ઓછો રહ્યો છે. સૌથી ઓછી એટલે કે માત્ર ત્રણ મહિના અને ૨૬ દિવસની મુદત માટે ભારતના નિવૃત્ત ચૂંટણી કમિશનર ટીએન સેશાન રહ્યાં છે. જ્યારે વીસી પાંડે, એમકે વેલ્લોદી, એસ રાજગોપાલ એક વર્ષ કરતાં ઓછો સમય સુધી કેબિનેટ સેક્રેટરી તરીકે રહ્યાં છે. કેન્દ્રમાં અત્યાર સુધીમાં ૩૨ કેબિનેટ સેક્રેટરી આવ્યા છે જેમાં બીજા રાજ્યોને પ્રતિનિધિત્વ મળ્યું છે પરંતુ ગુજરાત કેડરના એકપણ આઈએએસ આ સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા નથી. હાલના કેબિનેટ સેક્રેટરી તરીકે ૩૦મી ઓગષ્ટ ૨૦૧૯થી રાજીવ ગુબા ફરજ પર છે. તેઓ ઝારખંડ કેડરના છે.

## ઇલેક્ટ્રિક વાહનોની પોલિસી તેમજ ચાર્જીંગ સ્ટેશનની યોજનામાં હવે ઝડપ આવવી જોઇએ

**● મોંઘા ઇંધણના વાહનો બંધ, માર્ગો પર સાયકલ વધી...**

ભૂતકાળમાં ક્યારેય નથી જોવા મળ્યા તેવા ભાવ પેટ્રોલ અને ડીઝલમાં જોવા મળી રહ્યાં છે તેમ છતાં કેન્દ્ર કે રાજ્ય સરકાર લોકોને રાહત આપવાના મૂડમાં નથી ત્યારે લોકોએ પણ તેમની માનસિકતા બદલી છે. તાજેતરમાં રાજસ્થાનના એક શહેરમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લિટરે ૧૦૦ રૂપિયા પહોંચી ગયો હતો પરંતુ રાજસ્થાન સરકારે વેલ્યુ એડેડ ટેક્સમાં રાહત આપતાં ભાવ નીચો આવ્યો છે પરંતુ એ દિવસો દૂર નથી કે ભારતમાં પેટ્રોલ અને ડીઝલ ૧૦૦ રૂપિયે લીટર મળશે. સચિવાલયમાં કામ કરતાં અધિકારી તેમજ કર્મચારીઓએ હમણાં નવા વાહનો લેવાનું માંડી વાળ્યું છે, કારણ કે મોંઘા વાહનો લઈને પણ પેટ્રોલ અને ડીઝલના આટલા ઊંચા ભાવ ચૂકવવા કોઈને પોસાય તેમ નથી. હવે તેઓ ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) નો ઈંતજાર કરી રહ્યાં છે. સરકાર જો યુદ્ધના ધોરણે ઈવી અને ચાર્જીંગ સ્ટેશન માટેની પોલિસી બનાવે તો સચિવાલયમાં કામ કરતાં અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી કરી ગાંધીનગરને વાહનોના પ્રદૂષણથી મુક્ત કરી શકે છે. અત્યારે પેટ્રોલ અને ડીઝલના વાહનો મૂકીને મોટાભાગના કર્મચારીઓ સાયકલ પર આવી ગયા છે. તેઓ સાયકલ ચલાવી ઈંધણની બચત તો કરી રહ્યાં છે પણ સાથે સાથે તંદુરસ્ત બની રહ્યાં છે.

**● સરકારની ઇવી પોલિસી પર લોકોની નજર છે...**

ગુજરાતમાં બે વર્ષમાં એક લાખથી વધુ ઈલેક્ટ્રિક વાહનો માર્ગો પર દોડતા થાય તેવું એક આયોજન રાજ્ય સરકારે વિચાર્યુ છે. આ માટે સરકાર વાહન વ્યવહારની નીતિમાં ફેરફાર કરવા માગે છે. એટલું જ નહીં, ઈલેક્ટ્રિક વાહનોના વેચાણ માટે ખાસ પ્રોત્સાહક નીતિ અપનાવવા માગે છે. અત્યારે સરકારનું ધ્યાન દ્વિચકી વાહનોમાં કેન્દ્રીત થયું છે. સરકારે ગયા વર્ષે ઈવી પોલિસી બનાવવાનું નક્કી કર્યુ હતું પરંતુ કોરોના સંક્રમણના કારણે આ પોલિસી બની શકી નથી પરંતુ હવે ફરીથી વિચારણા શરૂ કરી છે. ગુજરાતમાં અત્યારે વાહનોની સંખ્યા ત્રણ કરોડના આંકડે પહોંચવા આવી છે પરંતુ તેમાં સૌથી વધુ બે કરોડ વાહનો દ્વિચકી છે. ઈવી પોલિસીના ડ્રાફ્ટ પ્રમાણે પ્રથમ દ્વિચકી વાહનોની સંખ્યા વધારવાનો પ્લાન છે. હાલ રાજ્યમાં ૧૧૦૦૦ જેટલા ઈલેક્ટ્રિક વાહનો છે જે ૨૦૨૨ સુધીમાં એક લાખ કરતાં વધુ વાહનો માર્ગો પર મૂકવાનું પ્લાનિંગ છે. સરકારના ડ્રાફ્ટમાં ચાર્જીંગ સ્ટેશનનું પણ પ્રાવધાન છે. પ્રત્યેક પેટ્રોલપંપ અને જાહેર સ્થળોએ રાજ્ય સરકાર ચાર્જીંગ સ્ટેશન માટેની જગ્યા ફાળવીને પ્રોત્સાહન આપવાનું નક્કી કરી રહી છે. આ પોલિસી માટે ઉર્જા, પરિવહન, શહેરી વિકાસ અને નાણા વિભાગના અધિકારીઓ તૈયારી કરી રહ્યાં છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલ ૩૦ જેટલા ઈલેક્ટ્રિક વાહનો છે અને બીજા વધુ વાહનો ખરીદવા તેમજ ચાર્જીંગ સ્ટેશનો બનાવવા માટેનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટેનું પહેલું પગથિયું છે.

## સ્થાનિક ચૂંટણીના રિઝલ્ટ વિધાનસભાના બજેટ સત્રમાં ગાજશે, બન્ને પક્ષનું એડીચોટીનું જોર

**● સ્થાનિક ચૂંટણીના પડઘા માર્ચના બજેટ સત્રમાં પડશે...**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પછી આવી રહેલા વિધાનસભાના બજેટ સત્રમાં પરિણામના પડઘા પડશે. આ ચૂંટણીને ભાજપના ટોચના નેતાઓ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી માટેનો લિટમસ ટેસ્ટ માને છે, જ્યારે કોંગ્રેસના અસ્તિત્વનો સવાલ ઉભો થયો છે, કેમ કે ભાજપનો ટારગેટ આ વખતે ૧૭૫થી વધુ બેઠકો જીતવાનો છે. આ સંખ્યા સુધી પહોંચવા માટે ભાજપને જિલ્લા અને તાલુકા પંચાયત, નગરપાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જીતવી જરૂરી છે. બન્ને પાર્ટીઓ પ્રદેશ નેતાઓ લોકલ બોડીના આ ઈલેક્શનમાં એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે તો એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે અમારો ટારગેટ ૨૦૨૨માં ૧૮૨ બેઠકો જીતવાનો છે પરંતુ તે કોઈ કાળે શક્ય એટલા માટે નથી કે કોંગ્રેસ હજી ગુજરાતમાંથી ખતમ થઈ નથી. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી એવું ઈચ્છી રહ્યાં છે કે ગુજરાતમાં ભાજપને ૧૮૨માંથી ૧૫૦ પ્લસ બેઠકો મળે... આ ઈચ્છા એટલા માટે છે કે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી રાજ્યમાં ૧૮૨માંથી ૧૪૯ બેઠકો મેળવી ચૂક્યાં છે. છેલ્લા ૨૫ વર્ષથી શાસનમાં રહેલા ભાજપના નેતાઓ હજી સુધી આ વિક્રમ તોડી શક્યા નથી. જો સ્થાનિક ચૂંટણીમાં ૭૦ ટકાથી વધુ સંસ્થાઓ ભાજપ કબજે કરે છે તો વિધાનસભાના બજેટ સત્રમાં કોંગ્રેસને પરાજયના કડવા ઘૂંટડા પીવા પડશે. અન્યથા કોંગ્રેસને ૭૦ ટકાથી વધુ સંસ્થાઓ મળે તો ભાજપ માટે બજેટ સત્ર પડકારોથી ભરેલું હોઈ શકે છે.